# ગુજરાતની સંસ્કૃતિના જ્યોતિર્ધર
# શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનું દુ:ખદ અવસાન

તા. ૧૯-૬-૨૦૧૪

ગુજરાતની મહાજન પરંપરાના પ્રભાવશાળી અગ્રણી, બાહોશ ઉદ્યોગપતિ, અનેક સંસ્થાઓના કુશળ વહીવટકર્તા અને માર્ગદર્શક એવા ધર્મપરાયણ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ શેઠનું આજરોજ ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. મેસેચૂએટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનોલોજી (એમ.આઈ.ટી.)માંથી ગ્રૅજ્યુએટ થયા બાદ અમેરિકાની વિશ્વની વિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ.ની પોસ્ટ ગ્રૅજ્યુએટની પદવી ધરાવનારા શ્રેણિકભાઈએ પોતાના કુટુંબની ઉચ્ચ પ્રણાલિકાઓ જાળવીને કારકીર્દિની શરૂઆતમાં રાયપુર, સરસપુર, અશોક, અરવિંદ જેવી મિલો તથા અનિલ સ્ટાર્ચ લિમિટેડ અને અતુલ પ્રોડક્ટસ્ લિમિટેડ જેવા ઉદ્યોગોમાં કાર્ય શરૂ કર્યું. મિલઉદ્યોગ જૂથની નાણાંકીય અને હ્યુમન રિલેશનને લગતી બાબતોમાં દેખરેખ રાખીને કુશળ વહીવટકર્તા તરીકે આગવી કામયાબી હાંસલ કરી હતી. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના અને એના વિકાસ માટે અથાગ પ્રયત્ન કર્યો. ગુજરાતની ઘણી ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓનું પ્રમુખપદ સંભાળીને એ સંસ્થાઓના વિકાસમાં અભૂતપૂર્વ ફાળો આપ્યો. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ચૅરમેન તરીકે તથા સેપ્ટ, ઇસરો, નિરમા યુનિવર્સિટી, પ્લાઝમા રિસર્ચ, આઈઆઈએમ અને અટિરા જેવી સંસ્થાઓના સત્તામંડળોમાં એમણે કીંમતી સેવાઓ આપી.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાસભા અને ગાંધી આશ્રમ ટ્રસ્ટનું પ્રમુખ પદ તેઓ સંભાળી રહ્યા હતા. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, ગુજરાત મ્યુઝિયમ સોસાયટી, એલ. ડી. ઇન્ડોલોજી તથા અન્ય સંસ્થાઓમાં કાર્યરત રહ્યા.

એમના પિતાશ્રી શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની સંસ્કારજીવનની પરંપરાને સાદગીભર્યા જીવન અને સેવાધર્મથી દીપાવીને એમણે વિકસાવી હતી. શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ તરીકે એમણે શત્રુંજય, રાણકપુર, કુંભારિયાજી, મક્ષીજી, ગિરનાર, તારંગા, શેરિસા વગેરે તીર્થોનાં જિર્ણોદ્ધાર અને એની જાળવણીમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ભારતના ૧૨૦૦થી વધુ તીર્થોની ઉન્નતિ અને જિર્ણોદ્ધાર કરવામાં તેઓ સહાયરૂપ બન્યા હતા. ત્રીસ-ત્રીસ વર્ષ સુધી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીમાં સેવા આપવાની સાથોસાથ શ્રી શંખેશ્વર તીર્થ પેઢી અને બીજી ઘણી ધાર્મિક સંસ્થાઓના પ્રમુખપદે કાર્ય કર્યું. આ સંસ્થાઓમાં દૃષ્ટાંતરૂપ પારદર્શક વહીવટ, સમર્પણશીલ કાર્યકરો અને સાધનશુદ્ધિનો આગ્રહ રાખીને એના વિકાસમાં પાયાનો ફાળો આપ્યો. જૈનધર્મ પ્રત્યે એમની ઊંડી આસ્થા એમના અંગત જીવનમાં પણ જોવા મળતી હતી. પાંજરાપોળ અને મૂંગા પ્રાણીઓ પ્રત્યેની સંવેદના ધરાવતા હતા.

સાદુ અને ધાર્મિક જીવન, સત્યનિષ્ઠ વ્યક્તિત્વ અને અભિજાત નમ્રતાથી ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતું આ પ્રભાવશાળી વ્યક્તિત્વ ગુજરાતના સંસ્કાર જીવન પર સદાય છવાયેલું રહ્યું. એમની વિદાયથી રાષ્ટ્રના સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક અને ધાર્મિક જીવનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.